# દાદરને મટાડનાર કુવાડિયાના અકસીર પ્રયોગો



ચામડીના રોગોમાં દાદર થયાનો અનુભવ મોટાભાગના લોકોને જીવનમાં એકાદ વાર તો થઇ જતો હોય છે. ગામડામાં, નાની ઉંમરમાં, ગીચ વસ્તીમાં, આહાર વિહારનો અજ્ઞાન હોય તેવા ઘરોમાં તે સવિશેષ થાય છે. દાદર કે ધાધર ના નામે પ્રચલિત આ રોગનો મૂળ શબ્દ "દદ્ર"છે. જે મોટાભાગે સૂર્યકિરણ ન મળતા હોય તેવા ઢાંકયેલ અંગોમાં થતી હોય છે. સાથળના મૂળમાં, ગુહ્યાંગમાં, કેડ પર, પેડુમાં, છાતી કે વાંસા ઉપર ગરદન વગેરે સ્થળે તેના ગોળ લાલ કે કાળા ચકામા થતા હોય છે. જેમાં ખૂબ નાની ફોલ્લીઓ થવાથી તે ભાગ ઉપસેલો રહે છે અને તે ભાગ પર પુષ્કળ ખંજવાળ આવે છે. અંગ્રેજીમાં તેને કારણે તેને રિંગ વર્મ્સ કહે છે. લાલ દાદર કરતા કાળી દાદર શરીરમાં વધુ ફેલાયેલ અને હઠીલી હોય છે. તે મટાડવી ખૂબ મુશ્કેલ મનાય છે.

Scanned with CamScanner

# દાદરને મટાડનાર કુવાડિયાના અકસીર પ્રયોગો

આપણે વાતવાતમાં તૈયાર પેટન્ટ દવાઓ લેવા દોડીએ છીએ અને રોગ મટાડવા પ્રયત્ન કરી છીએ, પરંતુ આપણી આજુબાજુમાં થતી તાજી વનસ્પતિ વાપરવાનો વિચાર પણ આવતો નથી. એલોવીરા વિશ્વમાં પ્રખ્યાત થઈ અને સાથે સાથે મોંઘી પણ થઈ છતાં આપણે આંગણે ઉભેલી એલોવીરા-કુંવારપાઠાનો ઉપયોગ કરવાનો વિચાર પણ કરતાં નથી. આવી જ એક વનસ્પતિ છે. ચામડીના રોગોમાં સુંદર કામ આપે છે જેનું નામ છે કુવાડીયો.

બાળકો, મેદસાર લોકો, કફ પ્રકૃતિવાળા, અસ્વચ્છ લોકો કબજિયાતવાળા, મીઠું, ગોળ, દહીં, તલ જેવા કફકર અને લોહી બગાડનારા દ્રવ્યોનું વધુ સેવન કરનારા અને દિવસે સૂવાની આદતવાળા માણસોને તે થવાની વધુ દહેશત રહે છે. ચોમાસાના નવા પાણીનું આંતરબાહ્ય સેવન અને ચેપ પણ દાદરને ફેલાવવામાં કારણભૂત બને છે. જે લોકોને વિરુદ્ધ આહારનું જ્ઞાન હોય અને તેનું પાલન કરતા હોય તેને પ્રાયઃ દરાજ થતી નથી. ગોળ સાથે દૂધ,દહીં,તલ કે મગફળી ખાવાથી, દૂધ સાથે દહીં, કેળાં, કોઈ પણ ફળ કે તેલ ખાવાથી, તલ સાથે ગોળ મેળવીને તલવટ કે કચરિયું ખાવાથી, અડદ સાથે ગોળ, મૂળા કે દહીં ખાવાથી, દૂધ સાથે કોઈ પણ જાતની ખટાશ ખાવાથી, ફ્રુટ જ્યુસ અને ફ્રુટ સલાડ ખાવાથી દાદર થવાને ખાસ કારણો મળે છે. ગળપણ, ખટાશ અને ખારાશ છોડ્યા વિના દાદર મટી શકતી નથી.

Scanned with CamScanner

# દાદરને મટાડનાર કુવાડિયાના અકસીર પ્રયોગો



ચામડીના રોગો ના તમામ ઔષધો દાદર ને મટાડવામાં ઉપયોગી છે છતાં કુંવાડીયો કે પુંવાડીયો તેમાં સર્વોત્તમ વ્યાધિ વિપરીત ઔષધ છે કુવાડીયા નું નામ જ દદ્રઘ્ન એટલે કે દાદર ને હરનાર અને ચક્રમર્દ દાદરના ચકરડાનું મર્દન કરનાર છે ચોમાસામાં વરસાદ થતાની સાથે જ ખાલી જગ્યામાં જ્યાં જુઓ ત્યાં મગફળીના છોડ જેવા કુવાડીયા ના છોડ ઊગી નીકળે છે અને તેના ઉપર ચોળી ની શીંગ જેવી શીંગ અને પીળા ફૂલ આવે છે કુવાડીયા નો આખો છોડ દાદરમાં ઉપયોગી છે છતાં તેના તાજા પાન અને બી વધુ ઉપયોગી છે તે નિર્દોષ હોવાથી ભાજી તરીકે પણ તેનો છૂટથી ઉપયોગ કરવાનું આયુર્વેદમાં કહેવામાં આવેલું છે દરાજ ના દર્દી મીઠું ગળપણ કે ખટાશ નાખ્યા વિનાની કુવાડીયા ની મોળી ભાજી વધુ ખાઈ તેમ તેનો રોગ વધુ ઝડપથી મટે છે.

Scanned with CamScanner

# દાદરને મટાડનાર કુવાડિયાના અકસીર પ્રયોગો



સહેલાઈથી મળી શકે તેવી વનસ્પતિમાં આવે છે કુવાડીયો. સંસ્કૃતમાં એને ચક્રમર્દ કહે છે. ભારતમાં દરેક જગ્યાએ થાય છે. અમદાવાદ અને અન્ય વિસ્તારોમાં ખાલી પડેલા પ્લોટોમાં પુષ્કળ પ્રમાણમાં કુવાડીયો જોવા મળે છે. ચોમાસામાં કમર સુધીનો છોડ કુદરતી રીતે જ ઉગી નીકળે છે. કુવાડીયાને પાતળી શીંગો થાય છે. શીંગોમાં મેથીના દાણા જેવા ૨૦થી ૩૦ બીજ નીકળે છે. એ બીજ એકઠાં કરીને રાખી મુકવામાં આવે છે. આ બીજ ગાંધીને ત્યાં પણ મળ છે. એ કેટલાં જુના હશે એ તો ઈશ્વર જ જાણે. જેને રસ હોય તેમણે કારતકમાં બીજ એકઠા કરી લેવા જોઈએ. આ બીજ છાશ અથવા લીંબુના રસમાં લસોટી મલમ બનાવી દાદર પર નિયમિત લગાવવાથી ઊંડા મૂળવાળી દાદર પણ મટે છે. દાદર જાણીતો અને શરમ છોડાવે તેવો ચીકણો રોગ છે. શિયાળામાં વધવાની શક્યતા રહે છે. સાથે મંજીષ્ઠાદિ ઘનવટી ૨ ગોળી બે વખત પાણી સાથે લેવી.

Scanned with CamScanner

# દાદરને મટાડનાર કુવાડિયાના અકસીર પ્રયોગો



દાદર જેવા ચીકણા રોગમાં કુવાડીયો અતિ ઉપયોગી સાબીત થયો છે. બહુ જ સહેલાઈથી અને સરળતાથી પ્રાપ્ત આ વનસ્પતિનો લોકોએ આ રોગમાં ઔષધ તરીકે ઉપયોગ કરવો જોઈએ અને કુદરતની બનાવટનો લાભ મેળવવો જોઈએ અને દાદર જેવા ઊંડા મૂળવાળા રોગમાંથી છૂટકારો મેળવવો જોઈએ. ચામડીના તમામ રોગોમાં કુવાડીયો આંતરબાહ્ય સ્વરૂપે અસરકારક ઔષધ છે છતાં તે દાદરમાં શ્રેષ્ઠ હોવાથી તેના આ પ્રમાણે ઉપયોગ યોજવા:

૧. કુવાડિયાના સુકા બીનું ચૂર્ણ કરી કાયમી બાટલીમાં ભરી નાખી તેમાંથી એક એક ચમચી ચૂર્ણ સવાર-સાંજ પાણી સાથે લેવું.

૨. કુવાડિયાના બી શેકી તેની દૂધ ખાંડ નાખ્યા વિનાની કોફી બનાવી સવાર-સાંજ પીવી

૩. કુવાડિયાનો આખો છોડ  કે પાન પાણીમાં ઉકાળી તે ગરમ ઉકાળાથી સ્નાન કરવું અને દાદરનો ભાગ ધોવો

Scanned with CamScan

# દાદરને મટાડનાર કુવાડિયાના અકસીર પ્રયોગો



૪. કુવાડિયાના પાનને ધોઈ તેની મીઠું,ખટાશ કે ગળપણ નાખ્યા વિનાની ભાજી શક્ય તેટલી વધુ ખાવી તેમાં હળદર,ધાણા જીરું,કોથમરી,મરી, લસણ,હિંગ,રાઈ વગેરે નાખી શકાય.

૫. કુવાડિયાના બી ને લીંબુ ખાટી છાશ જેવા કોઈપણ ખાટા દ્રવ્ય માં પીસી દાદર ઉપર લેપ કરતા રહેવું.

૬. મુળાના પાનના રસ સાથે કે લીમડાના પાનના રસ સાથે કુવાડિયાના બી પીસીને લેપ કરવો.

૭. કુવાડીયા બી અને કરંજના બી બારીક પીસીને ચોપડવા

૮. કુવાડિયાના મૂળને લીંબુના રસમાં ઘસીને લેપ કરવો.

૯. કુવાડિયાના અને લીમડાના કોમળ પાનને પીસી લેપ કરવો.

Scanned with CamScan

# દાદરને મટાડનાર કુવાડિયાના અકસીર પ્રયોગો



૧૦.કરંજના બીનું બારીક ચૂર્ણ કરી તેમાં કરંજ તેલ કે લીંબોળીનું તેલ મેળવીને હંમેશા બે ત્રણ વખત ચોપડતા રહેવું.

૧૧. બીનું ચૂર્ણ કરી તેમાં સમાન ભાગે અમલ સારો ગંધક મેળવી કરંજ તેલમાં ખરલ કરી તે મલમ લગાડતા રહેવું.

૧૨. કુવાડિયાના બીમાંથી ક્રાઇઓસોફેનીક એસિડ કાઢીને તેનો દાદરના મલમમાં વિશ્વ આખામાં ઉપયોગ થાય છે.

જીવનશૈલી

Scanned with CamScanner